## સહી માઅરેફત અને હજ્જે બયતુલ્લાહ

કયામતના દિન તક આ ઝમીન અલ્લાહતઆલાની દાઅવત અને તેના હુજ્જતથી ખાલી રહેનાર નથી. ચાંદ અને સૂરજ તે વકત તક પોતાની રોશની ફેલાવવાની ખિદમત અંજામ આપા કરશે જહાઁ તક જહાનમાં ઈમામે આલે મોહંમદ (સ.અ.) મૌજૂદ હશે. રસૂલુલ્લાહ બાવાજીએ ફરમાવું કે, **"જે કોઇ શખ્સ આ દુનિયામાંથી ગુઝરો અને તેએ પોતાના ઝમાનાના ઇમામની માઅરેફત-દિલી પહેચાન ન કીધી તો તે જેહાલતની મૌતથી મરો."** ભલા ઈમામની માઅરેફત સિવાયની ઝિંદગી પણ કોઇ ઝિંદગી છે ! જેહાલતની ઝિંદગી તો કૌમે યહૂદ અને કૌમે નસરાનીની ઝિંદગી છે જેઓએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની રિસાલતનો ઈન્કાર કીધો. આપ (સ.અ.વ.વ.) એમ પણ ફરમાવે છે કે, તે કોઇએ મારા કુરઆન અને મારા અહલે બૈત (અ.સ.) ને અલગ કીધા અને આ બે ચીઝોમાંથી કોઇ એકની પણ તૌહીન કીધી તો તેનો રૌઝે કયામત યહૂદી-નસરાનીની જેમ હશર થાશે. પૂછવામાં આવું કે, અગર તૌહીદ અને રિસાલતની શાહિદી આપે તો પણ ? આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, આ બે શહાદતો આપવાથી તેના માલ અને ખૂનની હિફાઝત થાય છે યાઅની તેનું આંચકી લેવું હરામ થઈ જાય છે.

લોગોની રાહબરી કરનાર, રાહે રાસ્ત પર લઇ જાનાર, સિરાતે મુસ્તકીમ પર ચલાવનાર એક ઈમામ યા દાઈ યા રઈસ હોવા ઝરૂરી છે જેને અલ્લાહના હુકમથી કાઇમ કરવામાં આવા હોય, જેને લોગો પોતાના સરપરસ્ત માનીને હિદાયત હાસિલ કરી શકે. આ જ તરીકા પર દુનિયાભરની મસ્જિદોનો રઈસ હોવો જોઇએ અને હકીકતમાં જોવા જઈએ તો બયતુલ્લાહિલ હરામની મસ્જિદે આઅઝમ તમામ બીજી મસ્જિદોથી આઅલા, બરતર, બહેતર અને રઈસ છે. જેમાં એક નમાઝ પઢવાનો સવાબ એક લાખ ઘણો છે. **હમારા રઇસુઝ્ઝમાન-ઇમામ જ રઇસુલ મસાજિદ જે બયતુલ્લાહિલ હરામ છે તેની તાઅઝીમ કરવાનો સબક આપે છે.** તેથી હજ્જ પઢનાર જે વકત પહેલી વાર કાઅબતુલ્લાહિલ હરામના દીદારે શરીફ કરે છે તો કહે છે, "અય રબ્બુલ ઈઝઝત, આ ઘરને અઝમતમાં, શરાફતમાં, કરામતમાં અને વકારમાં ઔર ઝિયાદહ કર." આ દોઆ કીધા બાદ પૂરી અદબ અને તસ્લીમ સાથે એ શખ્સ અલ્લાહના આ બાઅઝમત ઘરને તકબીરના કલામ બલંદ કરતો કરતો કરીબ થાય છે અને તવાફ દેવાની શુરૂઆત કરે છે.

**હમારા રઈસુઝ્ઝમાન–ઈમામ જ રઈસુલ મસાજિદ જે બયતુલ્લાહિલ હરામ છે તેની તાઅઝીમ કરવાનો સબક આપે છે.**

**"મક્કા"**, શહેરનું નામ છે અને **"બક્કા"**, મસ્જિદે હરામને કહે છે. "બક્કા" નો લફઝ કુરઆને કરીમમાં ઈસ્તેઅમાલ થયો છે, આ "બક્કા" માં અલ્લાહનું ઘર છે (બયતુલ્લાહ) કાઅબા છે. આ કાઅબા હર તરફથી મુકઅઅબ (cube) છે યાઅની ૬ પાસાવાલું છે જે ૬ મોટા અંબિયા આદમ (અ.સ.)થી લઈને મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર દલાલત કરે છે. આ ઘર ઝમીન પર અલ્લાહનું પહેલું ઘર છે. આ **કાઅબા** તે જગા છે જેમાં પહેલા બાવા આદમ પૈદા થયા અને વહાઁ જ દફન થયા, અને આ જ જગા **લાલ પત્થર** પર મૌ.અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) ની ૧૩ રજબુલ અસબ વિલાદત બાસઆદત થઈ. **મકામે ઇબ્રાહીમ** તે જગા છે જ્યાં અલ્લાહતઆલાએ આદમ (અ.સ.) ને નુબૂવત બખ્શી અને નબીના મરતબા પર કાઈમ કીધા. **ગદીરે ખુમ્મ** તે મુબારક જગા છે જ્યાં આદમ (અ.સ.) એ પોતાના ખુસૂસી સાહબો-હુદૂદોને દરમિયાન દાઅવત કીધી, અલ્લાહના હુકમને પહોંચાવો અને ત્યાંથી જ આમ લોગોમાં દીને ઈસ્લામ તરફ દાઅવતની ઈબ્તેદા થઈ.

બયતુલ્લાહની હકીકી પહેચાન અને તારીખી માઅલૂમાત હોય તો જ તાઅઝીમ થાય એ વાત સાફ છે. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, આપને સવાલ કરવામાં આવો કે, એવો શખ્સ જે હજ્જ તો પઢે પણ ઈમામુઝઝમાન (અ.સ.) ની અઝમત અને આપના મકામ-મરતબાને પહેચાનતો ન હોય, તો એની હજ્જનો શું હાલ ? હવે હજ્જ કીધા બાદ અલ્લાહતઆલાએ એને ઈમામુઝઝમાનની માઅરેફત કરવાની તૌફીક બખ્શી તો એના વાસ્તે શું હુકમ ? આપ (અ.સ.) એ ફરમાવું કે, **"એની હજ્જ જે ઇમામની માઅરેફત બગૈર પઢી તે ઝાયેઅ છે; હવે જે વકત એ માઅરેફત વાલો થાય તો એને દોબારાહ હજ્જ પઢવી પઢે."** ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) એ લોગોને જોયા કે તમામ કાઅબતુલ્લાહના તવાફ કરતા હતા અને તેથી ફારિગ થઈને પોતાની જગા પર વલતા હતા. આ જોઈને આપ મૌલાએ ફરમાવું કે, "કસમ અલ્લાહની ! આ લોગો જે અમલ કરી રહ્યા છે તેના સિવાય પણ તેમને બીજો હુકમ કરવામાં આવો છે." પૂછવામાં આવું કે, અય મૌલા, તે કયો અમલ છે ? આપે ફરમાવું કે, તે લોગોને એ વાતનો હુકમ થયેલો છે કે, જે વકત હજ્જના તવાફથી ફારિગ થાય તો હમારી હઝરતમાં આવીને પોતાની નફસોને પૈશ કરે. કેમકે હકીકતમાં હમેં તેમના ઈમાન-આઅમાલના કાઅબા છીએ.

**" એની હજ્જ જે ઈમામની માઅરેફત બગૈર પઢી તે ઝાયેઅ છે; હવે જે વકત એ માઅરેફત વાલો થાય તો એને દોબારાહ હજ્જ પઢવી પઢે. "**

ઉપર ઝિક્ર થયેલા ઈમામે આલે હક્ક (અ.સ.) ના બે કૌલ હમને દાઅવતે ફિક્ર આપે છે અને મઝહબે અહલે બૈત (અ.સ.) નો અકીદો તેમજ મૌકિફ-stand ઝાહિર કરે છે કે, હજ્જનો રૂકન જેટલો ખુસૂસી અને એની અદાયેગી જેટલી વાજિબ છે એટલી જ ઝરૂરી ઝમાનાના ઈમામની માઅરેફત અને રઝા છે. શું એ ચીઝ સમઝમાં આવે છે કે, આપ ઈમામ હજ્જથી ફારિગ થાનારને આપની હઝરતમાં આવવાનું લાઝિમ છે તેનું ફરમાન કરે, યાદ અપાવે અને હજ્જ પઢતા પહેલા આપ મૌલાની મુલાકાત-કદમબોસી કરવી લાઝિમ ન ઠેહરાવે. હજ્જનો ઈરાદો કરનાર લોગો પોતાના સગા, દોસ્તો, બિરાદરોને મીલીને જાવાનું એક અખ્લાકી ફરઝ માનતા હોય તો પછી બયતુલ્લાહના દીદાર કરતા પહેલા તેના મમ્સૂલ ઈમામુઝઝમાનને મીસાક આપી વલાયતનો ઈઝહાર કરવો કેટલું અહમ ઈમાની ફરઝ ગણાય ! યહાઁ એ વાત યાદ રહે કે **હજ્જે બયતુલ્લાહ નબીયો, વસીયો, ઇમામો તથા દોઆતો અલયહેમુસ સલામની સુન્નતે ખુસૂસી છે, શરીઅતનો ખંભો છે.** ઝમીન ઉપર આ જ એક મકામ-મકાન છે જહાં અલ્લાહતઆલાની પસંદીદાહ હસ્તીઓ પધારેલી છે અને આ નૂરાની મકામાતને તકદીસ-બરકત બખ્શેલી છે. કાઅબતુલ્લાહના ચારે તરફ જે તવાફ દેવાની જગા છે તેમાં આગલા દૌરના અંબિયા અને સાલેહીનની કબરો રહેલી છે, તેથી આ મતાફ-હરમ પાકીઝાહ અને બરકત વંતુ છે.

હજ્જે બયતુલ્લાહનો ઐન મકસદ જ ગુનાહોથી તૌબા અને મગફેરત તલબ કરવાનો છે. જે કોઈ શખ્સ મૈદાને અરફાહના મૌકિફમાં દોઆ વાસ્તે ઉભો રહ્યો અને એની દોઆની મકબૂલીયત વાસ્તે દિલમાં ઝરા પણ શક લાવો તો એ મોટો ગુનાહગાર છે. હજ્જના તમામ અરકાન ઈસ્તિગફાર-ગુનાહોની બખ્શિશ વાસ્તે છે જેમાં કુરબાની-ઝબીહત કરવી પણ શામિલ છે. એક નૈક અખ્લાક હાજી પોતાના વતન તરફ એ મુજબ ફીરે છે જેમ માઁના પેટમાંથી પૈદા થયેલું માઅસૂમ બેગુનાહ બચ્ચું. આજે ઈન્સાન નાના-મોટા ગુનાહોથી ઘેરાયેલો છે અને ખતાનું બીજું નામ જ ઈન્સાન છે, લેહાઝા હમને હજ્જે બયતુલ્લાહની સફર પહેલા જે ભાઇઓ સાથે નાઇત્તેફાકી કે તલખી કે મનદુઃખ થયું હોય તેની મુલાકાત કરીને મોહબ્બત કાઈમ કરીને મઆફી-તલાફી વાસ્તે ઈલ્તેજા કરવી જોઇએ. **બંદાની ઝાતથી બે તરહના ગુનાહ થાય છે, એક પોતાને અને ખાલિકને દરમિયાન અને બીજા પોતાને અને મખ્લૂકને દરમિયાન.** હજ્જનો કસ્દ કરીને, નિય્યત કરીને હમેં હમારા ખાલિક અલ્લાહ જલ્લા જલાલોહૂની રઝામંદી તલબ કરીને ગુનાહો તો બખ્શાવીએ છીએ મગર તે પહેલા હમને હમારા ભાઈઓના હક્કમાં થયેલી ભૂલો-ખતાઓને મઆફ કરાવવી જોઇએ. આ તરીકાથી કીધેલી હજ્જ આઅલા, અફઝલ અને કામિલ હજ્જ ગીનાશે.

જો કોઇ હજ્જ પઢનાર શખ્સ આમ લોગોને પોતાની ખતા બખ્શવાની ગુઝારિશ કરતો હોય તો જે સાહબ, **ઔલિયાઉલ્લાહના વસીલા લઇને મુમેનીનની મગફેરત અને તૌબાની બારગાહે ઇલાહીમાં દોઆ ફરમાવતા હોય,** તે સાહબે દાઅવતની આ દોઆએ માસૂર બીજા આમ લોગો કરતા ઝિયાદહ મકબૂલો માઅરૂફ હોય છે, તેથી તમામથી ઝિયાદહ જે મુમેનીનના ગુનાહોની બખ્શીશ ચાહે છે તે દાઈએ હક્ક સિવાય બીજા કોઇ હોય શકે નહીં. જેમ શરીઅતની હર ચીઝ દાઈયુલ્લાહની રઝામંદી સાથે જોડાયેલી છે તેમ હજ્જે બયતુલ્લાહના રૂકને અઝીમની અદાયેગી પણ અલ્લાહના દાઈની દોઆ અને ખુશી સાથે જોડાયેલી છે. હમારા દાઈયુલ્લાહની દોઆએ ખાસ સાથે હમેં પણ આજે એ તમામ મુમેનીનના હક્કમાં લબકુશાઈ કરીને દોઆ ગુઝારીએ કે, અલ્લાહતઆલા જે મુમેનીનને તુંએ તારા બયતે અન્વર કાઅબાના દીદાર વાસ્તે પસંદ ફરમાવેલા છે તેઓના હજ્જના અરકાનને કામિલ તૌરથી અદા કરવાના અસ્બાબ બનાવજે. અય રબ્બુલ ઈઝઝત, જે મુજબ તેઓએ સેહતો આફીયતથી અહલો અયાલ અને વતનને છોડેલું છે, તારા મહેમાન બનેલા છે, એ જ હાલતમાં ખૈરીયતથી દોબારહ તેઓને તેમના અહલમાં મીલાવી દે જે. તેઓ, મુમેનીન વાસ્તે કે કૌમો મિલ્લત વાસ્તે જે કઇ દોઆ કરે, તેમની દોઆને તે જગાઓની બરકતથી કાબિલે કુબૂલ ફરમાવજે. હમારા હુજ્જાજ હજ્જથી ફારિગ થઇને દીનદારી સાથે નૈક સીરતો સૂરત ઈખ્તિયાર કરીને પૂરી પરહૈઝગારી સાથે ઝિંદગી ગુઝારે એવી ભલી સમઝ તેમને અતા કરજે. આમીન... ★